# ગાંધીનગરમાં મેઘરાજાના મંદ મિજાજ વચ્ચે સિઝનનો સવા ત્રણ ઈંચ વરસાદ

**ટીપે ટીપે વરસતા વરસાદથી નગરજનો તોબા : હજુ સુધી સિઝનનો એકધારો એક ઇંચ વરસાદ પણ વરસ્યો નથી : સેકટરોમાં ભીંજારાનો માહોલ યથાવત : સાંજના સમયે આકાશમાં ઘેરાયેલા કાળા ડીબાંગ વાદળો વચ્ચે વાદળગર્જના અને વિજચમકારા વચ્ચે ઝરમરિયો વરસાદ**

ગાંધીનગર તા ૧૦ ગાંધીનગરમાં છેલ્લા એક જેના લીધે રોજબરોજ નિખરતા વરસાદી વાયરા વચ્ચે વાતાવરણ વચ્ચે વરસાદી માહોલ યથાવત રહ્યો હતો પરંતુ સાંજ સુધી અને વિજચમકારા સાથે છાંટણા વરસ્યા હતા શહેરમાં અત્યાર સુધી



સપ્તાહથી આકાશમાં ગોરંભાયેલા વાદળો ધોધમાર વરસતા નથી નગરજનોની આશ ઠગારી નિવડે છે. આજે પણ સવારથી વાદળિયા માંડ ૮ મી મી વરસાદ વરસ્યો હતો જો કે મોડી સાંજે વાદળ ગર્જના સિઝનનો ૮૩ મી મી વરસાદ નોંધાયો છે.

ગાંધીનગરમાં આજે પણ સવારથી વાદળિયા વાતાવરણ વચ્ચે નભમાં વરસાદી નઝારો નિખરેલો જોવા મળ્યો હતો. પરંતુ સવારથી સાંજ સુધી છુટાછવાયા વરસાદી છાંટણા સિવાય મેઘરાજા ધોધમાર વરસ્યા ન હતા. સેકટરોમાં પણ ભીંજારાના માહોલ વચ્ચે રસ્તાઓ ભીના જોવા મળ્યા હતા જયારે ઠેર ઠેર પાણીના ખાબોચિયા ભરાયેલા રહ્યા હતા. વરસાદી માહોલ રોજ નિખરે છે પરંતુ વરસાદ મન મુકીને વરસતો નથી. આજે દિવસ દરમિયાન શહેરમાં ૮ મી મી વરસાદ થયો હતો શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૮૩ મી મી વરસાદ નોંધાયો છે. મેઘરાજાના મંદ મિજાજથી નગરજનો પણ તોબા પોકારી ગયા છે. આજે સાંજના સમયે પણ આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાયેલા જોવા મળ્યા હતા જયારે વાદળ ગર્જના વચ્ચે વિજળીના ચમકારા પણ

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાતના ધારાસભ્યના મતનું મૂલ્ય ૧૪૭ ગણાય છે

**વિધાનસભામાં મતદાન મથક : મતનું મૂલ્ય ૧૯૭૧ની વસ્તી ગણતરીને આધારે ૧૯૮૦માં નિયત થયુ હતુ**

ગાંધીનગર, તા. ૧૦

આગામી ૧૮મીના રોજ યોજાનાર દેશના રાષ્ટ્રપતિની ચૂંટણી માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. એન.ડી.એ. અને વિપક્ષ વચ્ચે યોજાનારી આ જંગ પર સૌ કોઈની નજર સ્થિર થઈ છે.

આ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ધારાસભ્યો અને સંસદસભ્યોના મતનું મૂલ્ય ૧૯૭૧ની વસ્તી ગણતરીને આધારે નિયત કરાયુ છે. ૫૦ વર્ષ જેટલો સમય વિત્યા પછી પણ આમાં સુધારો કરાયો નથી.

ગુજરાતના ધારાસભ્યો અને સાંસદોના મતનું મૂલ્ય ૧૯૮૦માં નિયત કરાયુ હતુ.

દેશની સંસદમાં ૮૪મો બંધારણીય સુધારો ૨૦૦૧માં કરવામાં આવ્યો. તેમાં એવી જોગવાઈ કરવામાં આવી કે ૨૦૨૬ અથવા તે પછી જ્યારે વસ્તી ગણતરીના અધિકૃત આંકડાઓ જાહેર ન થાય ત્યાં સુધી ૧૯૭૧ની વસ્તી ગણતરીના આધારે જ રાષ્ટ્રપતિ પદની ચૂંટણીનું મૂલ્ય રહેશે.

૧૯૭૧માં ગુજરાતની વસ્તી ૨,૬૬,૯૭,૪૭૫ હતી અને તેથી ગુજરાતના ધારાસભ્યોના મતનું મૂલ્ય ૧૪૭ નિયત કરવામાં આવ્યુ છે. આ ચૂંટણી મતપત્રકથી યોજાશે અને તે મતદાન પણ ગુપ્ત રહેશે. રાજ્યસભાની ચૂંટણીમાં મતદાન જાહેર હોય છે જ્યારે રાષ્ટ્રપતિનું મતદાન ગુપ્ત છે. આ માટે માર્કર પેનથી મતદાન કરી પસંદગી દર્શાવવાની રહે છે.

ગુજરાતમાં મતદાન વિધાનસભા સંકુલમાં સવારે ૯ થી ૪ વાગ્યા સુધી ૧૮મી જુલાઈએ યોજાશે. આ માટેની તૈયારીઓ તેના અંતિમ તબક્કામાં પહોંચી ચુકી છે.

ગુજરાતમાં ભાજપ પાસે બહુમતિ છે અને

● અનુસંધાન પાન-૭ પર

**વિધાનસભાનું વિશેષ સત્ર નહિ યોજાય**

રાષ્ટ્રપતિની પાંચ વર્ષે યોજાતી ચૂંટણીમાં ધારાસભ્યો મતદાન કરી શકે તે માટે વિધાનસભાનું ચોમાસુ સત્ર બોલાવાશે તેવી અટકળો હતી પરંતુ આ વેળાએ ખાસ સત્ર નહિ મળે.

અગાઉના વર્ષોમાં જો નજર કરીએ તો છેલ્લા પાંચ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં બે વખત ખાસ સત્ર વિધાનસભાના યોજવામાં આવ્યા હતા.

**મતપેટીની પ્લેનમાં ટિકિટ લેવાશે**

રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મતદાન પૂર્ણ થયા પછી મતપેટી હવાઈ માર્ગે લઈ જવામાં આવશે. આ મતપેટી પ્લેનના કાર્ગોમાં નહિ પણ ચૂંટણી અધિકારીઓના અંકુશમાં રહેશે. આથી મતપેટી માટે ખાસ ટિકિટ ખરીદવામાં આવે છે. જેમાં ચૂંટણી અધિકારીનું પ્રમાણપત્ર આ મતપેટી સાથે રાખવામાં આવતુ હોય છે.

# આ વખતે વાહકજન્ય રોગચાળો વકરશે તો નહિ ને...

**બદલાયેલી વરસાદી પેટર્ન અને પાણી ભરાઈ રહેતાં મચ્છરોની ઉત્પત્તિને સાનુકૂળ વાતાવરણ**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં વરસાદી પેટર્નનો બદલાવ આ વખતે વાહકજન્ય રોગચાળાને વકરાવશે તો નહિને તેવી આશંકાઓ સૌ કોઈ વ્યક્ત કરી રહ્યા છે.

શહેરમાં ચાલી રહેલા વિકાસ કામો, કન્સ્ટ્રક્શન સાઈટો તેમજ પાણીનો નિકાલ ઝડપથી થતો નથી એટલુ જ નહિ જે વાતાવરણ બન્યુ છે તે મચ્છરો માટે સૌથી સાનુકૂળ છે.

શહેરમાં વરસાદી પેટર્નનો બદલાવ તેમજ ઠેર ઠેર પાણી ભરાઈ રહેવાથી મચ્છરોની ઉત્પત્તિ વધી શકે છે. આથી અત્યારથી જ આ ચિંતાને લઈ તંત્રએ વાહકજન્ય રોગચાળાની સ્થિતિ નિયંત્રણમાં રહે તે માટેનો એક્શન પ્લાન તૈયાર કરવાની કવાયત તેજ કરી દીધી છે. જે એકાદ બે દિવસમાં તૈયાર થઈ જશે.

મળતી વિગતો પ્રમાણે જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ચિકનગુનિયાના કેસો વધારે જોવા મળ્યા છે. જો કે ડેન્ગ્યુના કેસો પણ નોંધાયા છે. મેલેરિયાના કેસો ઘટ્યા છે.

ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના કેસો જે રીતે નોંધાયા છે તેમાંય ચિકનગુનિયાના કેસો ક્લીનીકલ પોઝીટીવ જણાયા છે પરંતુ ટેસ્ટીંગમાં તે નેગેટીવ જણાયાની બાબતો પણ સામે આવી છે.

બે વર્ષથી કોરોનાને પગલે વાહકજન્ય રોગચાળાના કેસો બહુ અખબારના પાને ચમક્યા નથી. જો કે ગત વર્ષે સે. ૭ અને અન્ય વિસ્તારોમાં તંત્રએ સામુહિક ફોગીંગની કામગીરી કરી પરિસ્થિતિ નિયંત્રણમાં લીધી હતી જે ઉલ્લેખનીય છે.

તંત્રએ આ વખતે તેના એક્શન પ્લાનમાં સંવેદનશીલ વિસ્તારોને માટે સઘન સર્વેલન્સ તેમજ એન્ટી લારવેલની કામગીરીને સઘન બનાવવા ઉપરાંત પાણી ભરાઈ રહેતા વિસ્તારોમાં ઓઈલનો છંટકાવ કરવા સહિતના મુદ્દાઓ પર ભાર મુક્યો છે.

મનપાના હેલ્થના બાયલોઝ પણ ઝડપથી સરકાર દ્વારા મંજૂર કરવામાં આવે તે માટેના પ્રયાસો સઘન બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત શહેરની હદ વધી છે અને નવી ભરતી થઈ નથી ત્યારે વેક્ટર કંટ્રોલ ટીમો સરકારમાંથી ખાસ મંજૂર કરાવવા પર પણ મનપા દ્વારા પ્રયાસો હાથ ધરાયા છે.

મનપા દ્વારા જે વિસ્તાર વધ્યો છે ત્યાં કન્સ્ટ્રક્શન સાઈટો વધુ ચાલતી હોવાથી ખાસ અભિયાન હાથ ધરી પાણી ભરાઈ ન રહે અને મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા બિલ્ડરો દ્વારા પગલાં લેવામાં આવે તે દિશામાં કાર્યવાહી શરૂ કરી દીધી છે.



બીલાડીના ટોપના નામે ઓળખાતી પરપજીવી વનસ્પતિ પણ હાલમાં ખુબ દેખાઈ રહી છે. શહેરમાં ચોમાસુ જામ્યુ છે. માટી ભીની થઈ ગઈ છે ત્યારે વૃક્ષોની વધુ સંખ્યા હોય તેની આસપાસ બીલાડીના ટોપ જોવા મળી જાય છે.

# ૧૩મી જુલાઈ સુધી હળવાથી મધ્યમ વરસાદનું પૂર્વાનુમાન

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં દક્ષિણ-પશ્ચિમ દિશાના પવનો હાલ વાઈ રહ્યા છે અને ૧૩મી સુધી આ પવનો રહેવાની સંભાવના છે.

જિલ્લામાં ૧૩મી જુલાઈ સુધી સતત વરસાદના દિવસો દર્શાવવામાં આવ્યા છે. જો કે જિલ્લામાં હજુ મન મુકી મેઘરાજાએ પધરામણી કરી નથી.

દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૨૯માં ૯ થી ૧૩ જુલાઈના પાંચેય દિવસ મધ્યમથી હળવો વરસાદ થવાનુ પૂર્વાનુમાન કરવામાં આવ્યુ છે. આ પાંચ દિવસ દરમ્યાન આકાશ મોટેભાગે વાદળછાયુ રહેશે તેમ પણ જણાવાયુ છે.

તાપમાન મહત્તમ ૩૪-૩૫ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૫-૨૬ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૬ થી ૮૪ ટકા વચ્ચે રહેવાની સંભાવના જણાવાઈ છે.

પવનની સરેરાશ ગતિ ૧૨ થી ૨૧ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શકયતા છે. તેમજ પવનની દિશા દક્ષિણ-પશ્ચિમ દિશામાં રહેશે.

ચોમાસુ પાક અંગે ખેડૂતોને સલાહ આપતાં આ બુલેટીનમાં જણાવવામાં આવ્યુ છે. વાવણી કરતા પહેલા પાકના બીજને ભલામણ મુજબ ફુગનાશક દવાનો પટ આપવો તેમજ ખેતરમાં ભલામણ મુજબ પાયાનું ખાતર નાખવુ. વાવણી વખતે બિયારણ અને રાસાયણિક ખાતરનું મિશ્રણ કરવાથી બિયારણને નુકશાન થઈ શકે છે. રાસાયણિક ખાતર હંમેશા બીજથી ૫ સે.મી. દૂર રહે તે રીતે આપવુ.

વિતેલા સપ્તાહમાં ગરમીનો પારો મહત્તમ ૩૫.૮ ડિગ્રી સે. અને લઘુત્તમ ૨૫ ડિગ્રી સે. નોંધાયો છે. જ્યારે ભેજનું પ્રમાણ ૫૯ થી ૯૬ ટકા નોંધાયુ છે.

૧૦ થી ૧૨ જુલાઈ વચ્ચે છુટા છવાયા સ્થાનો પર ૩૦ મી.મી. જેટલો અને ૧૩મી જુલાઈએ છુટા છવાયા સ્થાનો પર ૪૦ મી.મી. જેટલો વરસાદ થવાનું પૂર્વાનુમાન છે.

# શહેરમાં બંધ સરકારી આવાસોનો કબજો મેળવવા કાર્યવાહી કરાશે

**સંબંધિત વિભાગના કર્મચારી કે સંસ્થાને ફાળવવામાં આવેલા મકાનો પૈકી બંધ હોય તો તેવા કિસ્સામાં પત્ર લખી કબજો પરત લેવા કાર્યવાહી કરાશે**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં રહેણાંકને લાયક મકાનોની સંખ્યા આમ પણ ઓછી છે. અલબત્ત જોખમી મકાનો તોડવામાં આવી રહ્યા છે જયારે નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે આવા સંજોગોમાં હાલ કર્મચારીઓને ફાળવવામાં આવેલા મકાનો પૈકી સેકટરોમાં કેટલાક મકાનો બંધ હાલતમાં હોવાનુ પણ ધ્યાને આવી રહ્યુ છે. ત્યારે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી હવે આ પ્રકારના બંધ અને બિન ઉપયોગી પડી રહેલા મકાનોનો કબજો પરત લેવા માટે સંબંધિત સંસ્થા કે વિભાગને પત્ર લખવામાં આવશે. અલબત્ત બંધ મકાનો બિન ઉપયોગી ન રહે તેમજ પ્રતિક્ષા યાદીમાં સમાવિષ્ટ કર્મચારીઓને આવાસ ફાળવી શકાય તે માટે આ મામલે ઝડપથી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગરમાં સે-૬ માં નવ નિર્મિત આવાસોમાં પેટાભાડુઆતોનો વસવાટ હોવાનુ ધ્યાને આવ્યા બાદ પેટાભાડુઆતો મામલે તંત્રએ વધુ કડક ઝુંબેશ હાથ ધરવાનો નિર્ણય લીધો છે. આ ઉપરાંત સેકટરોમાં મકાન ફાળવી દેવાયા બાદ પણ આવાસોમાં કોઈનો વસવાટ ન હોવાનુ ધ્યાને આવી રહ્યુ છે. ત્યારે હવે બંધ મકાનો સંદર્ભે તંત્રએ ઝડપથી કાર્યવાહી હાથ ધરવા નિર્ણય લીધો છે. સે-૬ માં પણ પેટાભાડુઆતોના વસવાટ ઉપરાંત અન્ય ૩૦ મકાનો બંધ હાલતમાં હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. ત્યારે આવાસોની ફાળવણી બાદ બિન ઉપયોગી પડી રહ્યા હોય તેવા આવાસોનો કબજો પણ તંત્ર કક્ષાએથી પરત લેવા માટે કાર્યવાહી હાથ ધરાશે. એકબાજુ શહેરમાં જોખમી આવાસોની સંખ્યા વધુ છે. ત્યારે રહેણાંકને લાયક મકાનો પણ ઉપલબ્ધ નથી જેના લીધે તંત્રના ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. આવાસોની ફાળવણીનુ કામ પણ મુશ્કેલ બન્યુ છે. આવા સંજોગોમાં સંબંધિત વિભાગના કર્મચારીઓને આવાસની ફાળવણી કરવામાં આવ્યા બાદ અન્ય કોઈનો વસવાટ માલુમ પડે તે માટે કાર્યવાહી હાથ ધરવા માટે તંત્રએ ઝુંબેશ હાથ ધરી છે. આ માટે ટીમ બનાવી જુદા જુદા સેકટરોમાં આકસ્મિક તપાસ હાથ ધરવા માટે પણ આયોજન કરાયુ છે. આ ઉપરાંત સેકટરોમાં બંધ માલુમ પડતા સરકારી આવાસો અંગે પણ તપાસ કરાશે અલબત્ત કર્મચારીઓને આવાસની ફાળવણી કરી દેવામાં આવી હોય ત્યારબાદ પણ મકાન ખાલી માલુમ પડે તો પાટનગર યોજના વિભાગ કક્ષાએથી સંબંધિત વિભાગને પત્ર લખી કર્મચારીને આવાસનો કબજો સોંપી દેવા માટે સુચના આપવામાં આવશે જેથી આવાસો બિન ઉપયોગી પડ્યા ન રહે તેમજ મકાન મેળવવા માટે અરજદારોને સરળતાથી આવાસ મળી રહે તે મામલે પણ પુરતી કાળજી કરવામાં આવશે. શહેરમાં એકબાજુ જુના અને જોખમી મકાનો તોડવામાં આવી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની આગવી સંવેદનશીલતા

**હેલિપેડથી સીધા જ ગાંધીનગરના સ્ટેટ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટર પહોંચ્યા**



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આગવી સંવેદનશીલતાનું ઉદાહરણ પુરુ પાડતાં રાજકોટ જિલ્લાના પ્રવાસમાંથી પરત આવી હેલિપેડથી સીધા જ સ્ટેટ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર પહોંચ્યા હતા. જ્યાં તેમણે રાજ્યમાં દિવસ દરમિયાન દક્ષિણ અને મધ્ય ગુજરાતના ૬ જિલ્લાઓ છોટાઉદેપુર, ડાંગ, નર્મદા, વલસાડ, નવસારી અને પંચમહાલમાં થયેલા વ્યાપક અને ભારે વરસાદને પરિણામે સર્જાયેલી સ્થિતિની ઉચ્ચસ્તરીય સમીક્ષા આ જિલ્લાના કલેકટરો સાથે ગાંધીનગર સ્ટેટ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટર જીઈઝથી કરીને સ્થિતિનો સંપૂર્ણ જાયજો મેળવ્યો હતો.

આ ઉપરાંત મુખ્યમંત્રીશ્રીએ આ ઓપરેશન સેન્ટરની હોટ લાઈનથી છોટાઉદેપુર કલેકટર કંટ્રોલ રૂમમાં વાતચીત કરી સ્થિતિનો અંગેનો તાગ મેળવ્યો હતો. મહેસુલ મંત્રી શ્રી રાજેન્દ્ર ત્રિવેદી પણ આ વેળાએ ઉપસ્થિત હતા. આ ઉપરાંત મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, સહિતના વરિષ્ઠ અધિકારીશ્રીઓ આ તાકીદ બેઠકમાં જોડાયા હતા.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટ્યું

**શહેરમાં ૧૭ અને ગ્રામ્ય વિસ્તારમાં ૪ કેસ નોંધાયા : ૨ દર્દીને દાખલ કરાયા : સે. ૪માં ૪, રાયસણમાં ૩, કુડાસણ-પેથાપુરમાં ૨-૨ તેમજ સે. ૨, ૩, ૭, ૨૯, બોરીજ, રાંધેજામાં કેસો મળ્યા : ગ્રામ્યમાં અડાલજમાં ૩ કેસ તેમજ કલોલના સાંતેજમાં એક કેસ**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોના આજે થોડો ધીમો પડ્યો છે. શહેરમાં કોરોનાના ૧૭ કેસ અને ગ્રામ્યમાં ૪ કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં થઈ રહેલી વધ-ઘટથી તંત્રની ચિંતા વધી છે. શહેર-જિલ્લામાં કેસો મોટા ભાગે લોકલ ટ્રાન્સમિશનથી થઈ રહ્યા હોવાથી પણ તંત્ર ચિંતાતુર છે.

શહેર-જિલ્લામાં આજે ૧૪ જેટલા દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૧૦ દર્દી અને ગ્રામ્યમાં ૪ દર્દી રિકવર થતાં ડિસ્ચાર્જ અપાયુ છે.

તંત્ર દ્વારા કેસોમાં થઈ રહેલી વધ-ઘટને ધ્યાને રાખી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા તાકીદ કરવામાં આવી છે. આ ઉપરાંત ટેસ્ટીંગનું પ્રમાણ વધારવા તેમજ પોઝીટીવ દર્દીઓના સંપર્કમાં આવેલા દર્દીઓનું ટ્રેકીંગ અસરકારક કરવા માટે પણ જણાવવામાં આવ્યુ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪ કેસ નોંધાયા છે. જેમાં ૩ કેસ ગાંધીનગર તાલુકામાં અને એક કેસ કલોલમાં નોંધાયો છે. આજે નોંધાયેલા કેસોમાં બે કેસ મહિલા દર્દીના છે.

ગ્રામ્ય વિસ્તારમાં કલોલમાં નોંધાયેલ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતા હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં સંવેદનશીલ બનેલ અડાલજમાંથી ૩ કેસ મળી આવ્યા છે. જેમાં બે મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

કલોલના સાતેજ વિસ્તારમાંથી ૩૨ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસ સાથે એક્ટીવ દર્દીની સંખ્યા ૯૭ પર પહોંચી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૫૫૦૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે. ગ્રામ્ય વિસ્તારમાં જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા અને માસ્ક પહેરવાના નિયમની અમલવારી માટે પણ સૂચનાઓ આપવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં આજે ૧૭ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૪ મહિલા દર્દી અને ત્રણ મોટીવયના અર્થાત ૬૦થી વધુ વય ધરાવતા દર્દીઓ છે. શહેરમાં આજે સે. ૭ના એક દર્દીને સારવારની જરૂરિયાત હોવાથી ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા કેસમાં સે. ૪ માં ૪ કેસ,

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com